Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

—વૈશાખ—

પુસ્તક ૭૨ મું
અંક ૭ મો
૧૦ મી મે

વીર સં. ૨૪૮૨
વિ. સં. ૨૦૧૨
ઈ. સ. ૧૯૫૬

શ્રી જૈનધર્મ પ્રસારક સભા

माया पिआ ण्हुसा भाया,
भज्जा पुत्ता य ओरसा ।
नालं ते मम ताणाय,
लुप्पंतस्स सकम्मुणा ॥ ३ ॥

માતા, પિતા, પુત્રવધૂ, ભાઈ, પત્ની તથા પુત્રો વિગેરે પોતાના જ્ઞાનાવરણીયાદિક કર્મોવડે પીડા પામતા એવા તને શરણ આપવાને અંશમાત્ર સમર્થ નથી માટે–

एयमट्ठं सपेहाए,
पासे समियदंसणे ।
छिंद गेहिं सिणेहं च,
न कंखे पुव्वसंथवं ॥ ४ ॥

સમ્યગ્દર્શનવાળા પુરુષે પોતાની શુદ્ધ દૃષ્ટિથી–બુદ્ધિથી આ વાતની વિચારણા કરવી, વિષય-લોલુપતા તેમજ સ્ત્રી-પુત્રાદિકનાં સ્નેહને છેદી નાખવો તેમજ પૂર્વનો પરિચય સંભારવો પણ નહિં કારણ કે દુઃખ પ્રાપ્ત થયે છતે આ લોક તેમજ પરલોકમાં ધર્મ સિવાય બીજું કોઈ રક્ષણ કરવા સમર્થ નથી.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્ય. ૬, શ્લોક ૩-૪

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૭૨ મું :: વાર્ષિક લવાજમ ૩-૪-૦ પોસ્ટેજ સહિત

# अनुक्रमणिका


૧ શ્રી સુમતિનાથ જિન સ્તવન .... .... (મુનિરાજશ્રી ચંદ્રપ્રભવિજયજી) ૮૧

૨ श्री जिनदर्शनमहिमा .... .... (શ્રી રાજમલ ભંડારી) ૮૨

૩ અનુપમ દાંપત્ય : ૩ .... .... (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) ૮૩

૪ ચિરંજીવ પારણું .... (પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્ય) ૮૭

૫ પ્રશ્નપદ્ધતિ :: ૬ .... (અનુ૦ આ. શ્રી વિજયમહેંદ્રસૂરિજી) ૮૯

૬ પરોપકાર .... (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૯૧

૭ આત્મશાન્તિના પવિત્ર પંથે .... (મુનિરાજ શ્રી મહાપ્રભવિજયજી મહારાજ) ૯૩

૮ પારિભાષિક શબ્દ-વિવરણ-૭ સંખ્યા .... (શ્રી ડાહ્યાભાઈ મોતીચંદ) ૯૫


## વાર્ષિક સભાસદ બંધુઓને

ગતાંકમાં જણાવ્યા છતાં જે જે વાર્ષિક સભાસદ બંધુઓનું સં. ૨૦૧૧ તથા સં. ૨૦૧૨ નું બંને વર્ષનું લવાજમ રૂા. ૬-૮-૦ હજી સુધી આવેલ નથી તેમનું તે લવાજમ વસુલ કરવા માટે ૦-૧૨-૦ લેટ બુકના વી. પી પોસ્ટેજના મળી રૂા. ૭-૪-૦ નું વી. પી. કરવામાં આવેલ છે, તો તે સ્વીકારી લેવા વિજ્ઞપ્તિ છે.

## શ્રી મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવ

ચરમ જિનપતિ ભગવંત મહાવીરસ્વામીના જન્મદિન ચૈત્ર શુદી તેરસને અનુલક્ષીને આ વર્ષે શ્રી તપાગચ્છ પ્રગતિ મંડળ--ભાવનગર તરફથી ચૈત્ર શુદ ૧૧, ૧૨, ૧૩ શનિ. રવિ, સોમ એ પ્રમાણે ત્રણ દિવસનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શનિ તેમજ સોમના રોજ વ્યાખ્યાનો આપણી સભાના હોલમાં યોજવામાં આવ્યા હતા જ્યારે રવિવારના રોજ "મહાવીર-કથા" ઉપર આખ્યાન શ્રી સમવસરણના વંડે યોજવામાં આવેલ

શ્રી દાદાસાહેબ મિત્રમંડળ તરફથી પણ સોમવારના રોજ રાત્રિના જાહેર વ્યાખ્યાન શ્રી દાદાસાહેબ જિનાલયના વિશાળ ચોગાનમાં યોજવામાં આવેલ ત્યારે પણ જનસંખ્યા સારા પ્રમાણમાં આવેલ.

પૂ. મુનિરાજશ્રી વિશાળવિજયજીની નિશ્રામાં શ્રી મારવાડીના વંડે પણ વ્યાખ્યાન સમયે શ્રી મહાવીર-જન્મ કલ્યાણક ઉજવવામાં આવેલ, જે સમયે તેઓશ્રીએ ભગવંત મહાવીરના જીવન અંગે વિવિધ પ્રસંગો રજૂ કર્યા હતા.

શ્રી સુમતિનાથ ચરિત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૮૨ મું | વૈશાખ | વીર સં. ૨૪૯૨
અંક ૭ | | વિ. સં. ૨૦૨૨

## શ્રી સુમતિનાથજીનું સ્તવન

જીવનનાવના, ઓ પ્યારા સુકાની,
આતમના આધાર..........રક્ષા કરજો હે કિરતાર.
દિવસે પૂજું, રાત્રે ભજું, સમરું સાંજ સવાર.......રક્ષા કરજો હે કિરતાર.
થયાં દર્શન આજે તારા, મહાપૂણ્યના યોગથી અને,
સંસારનાં સંતાપોથી, શાંતિ થઇ છે જોતાં તને;
કે કૈ આશા ભરીને આવ્યો, આજ તારે દરબાર........રક્ષા કરજો (૧)
જીવનગંગા બની કલુષિત, ક્રોધ લોભના પડી પનારે,
ઇર્ષા મમતાએ નચાવ્યો, ચોરાશી ચોક મોઝારે,
કામ માનના વમળમાંહિ, ડૂબી રહ્યો સંસાર.......રક્ષા કરજો (૨)
દયાના સાગર, કરુણા ભંડાર, હાલત બૂરી છે મારી,
મનડું મારું બહુ અકળાયે, કૃપા યાચું આજે તારી;
તન મનનો સૌ રંગ હઠાવી, કરો જીવન ચમકાર........રક્ષા કરજો (૩)
માતા સુમંગલાના જાયા, મેઘરાજને કુલ સોહાયા,
પંચમ પ્રભુશ્રી સુમતિનાથ, હૈયામાં તમને વસાયા;
પંચમ ગતિ દેનેવાલા, થાએ જીવન ઝમકાર........રક્ષા કરજો (૪)
શુભ્રસલિલા સાભ્રમતિઆરે, ગામ ઓગણજમાં વાસ તમારો,
કરી દર્શન ભજી અંતરે, આનંદ હર્ષ અપારો;
જીવન "ચંદ્ર" દર્શન દઇ, કરો સેવક સંભાર......
રક્ષા કરજો હે કિરતાર...

—મુનિરાજશ્રી ચંદ્રપ્રભવિજયજી

For Private And Personal Use Only

# श्री जिनदर्शन महिमा

आज जन्म मम सफल हुवा प्रभु, अक्षय अतुलित निधिदातार।
नैत्र सफल हो गये दर्शनसे, पाया है आनंद अपार ॥ १ ॥

आज पंचपरिवर्तनमय यह, अति दुस्तर भवपारावार।
सफल हुवा दर्शनसे तेरे, भटका हूं जीससें बहु बार ॥ २ ॥

आज नहाया धर्मतीर्थमें, तेरा दर्शन पा साकार।
गात्र पवित्र हुवा नयनोंसे, छाया निर्मल तेज अपार ॥ ३ ॥

आज हुवा यह जन्म सार्थक, सकल मंगलोंका आधार।
तेरे दर्शनके प्रभावसे, पहूंचा मैं जगके उस पार ॥ ४ ॥

आज कषाय सहित कर्माष्टक, ज्वालाऐं विघटी दुःखकार।
दुर्गतिसे निवृत्त हुवा मैं, तेरे दर्शनके आधार ॥ ५ ॥

आज हुवे हैं सौम्य सभी ग्रह, शान्त हुवे मनके संताप।
विघ्नजालनश गये अचानक, तेरे दर्शनके सुप्रताप ॥ ६ ॥

आज महाबन्धन कर्मोंका, बन्द हुवा दुःखका दातार।
सौख्य समागम मीला जिनेश्वर, तुम दर्शनसे अपरम्पार ॥ ७ ॥

आज हुवा है ज्ञान-भानुका, उदय देहमन्दिरमें सार।
तुम दर्शनसे है जिनेंद्रवर, मिथ्यातमका नाशनहार ॥ ८ ॥

आज हुवा हूं पुन्यवान मैं, दूर हुवे सब पापाचार।
मान्य बना हूं दिलमें स्वामी, तेरा दर्शन पा अविकार ॥ ९ ॥

आज हुई जिनदर्शन महिमा, अवगत मुजको है भगवान।
सत्पथ साफ दिखाई पड़ता, खड़ा सामने है कल्याण ॥ १० ॥

राजमल भण्डारी-आगर ( मालवा )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુપમ દાંપત્ય

(૩)

લેખક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

અમારો સુભાગ્ય દિવસ

મહારાજ, તમો જે ગામના જ વતની હો તેમ જણાય છે. મને લાગે છે કે મારા લાંબા કાળની આશા ફળવાની પરિક્ષા આવી લાગી છે. પૂજ્ય મુનિરાજના ઉપદેશથી અને આ પ્રદેશમાં જૂદા જૂદા સ્થાનના રમ્યાંગુણ દેવાલયો અને મનોહર જિનબિંબો જુહારવાનો લાભ તો મળ્યો; છતાં હું જે હેતુથી અહીં આવ્યો છું તે હજુ સિદ્ધ થયો નથી. એ સંતે જે રીતે મારી સામે વર્ણન કર્યું હતું તે જોતાં મેં આશા રાખેલી કે આ પ્રદેશમાં તેમની પવિત્રતાની સુવાસ એટલા વિશાળ પ્રમાણમાં પ્રસરી હશે કે જેથી મારે ભાગ્યે જ કોઈને તેમના સંબંધમાં પૂછવાની અગત્ય રહેશે; પણ આ ગામની ભાગોળે પગલા પાડ્યા, ત્યાર પછી બે પાંચ નહીં પણ કોડી જેટલી વ્યક્તિઓને પ્રશ્નો કર્યા પણ ઉત્તરમાં મેં જે ધારણા રાખેલી તેવું અનુમાન સાંભળવા ન મળ્યું!

મુરબ્બી! એ તો દુન્યવી નિયમ છે કે જેની અહાર પ્રતિભા પથરાઈ હોય, તેની ઘર આંગણે કિંમત પણ ન હોય! કારણ એક જ કે નજર સામે રોજ આંખે ચઢતી વ્યક્તિના મૂલ્યાંકન અતિ સમીપતાને કારણે નથી કરી શકાતા. આમ છતાં આપ મને જો નામ જણાવશો તો હું પત્તો મેળવી આપવા બનતો યત્ન કરીશ.

ભાઈ, મને જે રીતે મુનિરાજ પાસેથી સાંભળવા મળ્યું છે તે આધારે તે દંપતી **વિજય શેઠ** અને **વિજયા શેઠાણી**રૂપે પ્રસિદ્ધ છે. તેમનું જીવન સાધુતાને ટક્કર ખવડાવે તેવું છે. આ ગામના કેટલાક ભાઈઓએ મને કહ્યું કે એ નામના માણસો તો અહીં આઠ દસ છે પણ મહાજનમાં જેઓની ગણના શેઠ તરીકે થાય છે એમાં કોઈનું નામ વિજય નથી. જ્યારે વિજય નામના શેઠ જ નથી તો પછી શેઠાણી વિજયાનો સંભવ ક્યાંથી હોઈ શકે? એક બે જણે એમ પણ કહ્યું કે-સંઘપતિ તરીકે ઓળખાતી વ્યક્તિનું નામ જગડુ શેઠ છે જ્યારે તેમના પત્નીનું નામ લક્ષ્મીબાઈ છે. વીશાશ્રીમાળી જ્ઞાતિમાં જે શેઠ છે તેમનું નામ રવજીભાઈ છે. હા, જેમના લગ્ન થયાને થોડા વર્ષો વીત્યા છે એવા એક યુવાન ધણી-ધણી-આણી છે, અને નામ પણ તમો કહો છો તેમ જ છે પણ સમાજ તેમને કોઈ શેઠ-શેઠાણી તરીકે ઓળખતું નથી. હજુ એ તો રંગીલા ને સંસારના સુખ માણતા યુવક-યુવતી લેખાય.

મુરબ્બી, હવે આપને ઝાઝું ભટકવું નહીં પડે. મુનિરાજની દૃષ્ટિએ સઘળા વણિકો શેઠરૂપે જ ગણાય. બાપ શેઠ કહેવાતો હોય તો દીકરો પણ શેઠ તરીકે ઓળખાય જ. જ્યારે પતિ-પત્નીના નામ વિજય અને વિજયા આપ જણાવો છો ત્યારે મને ખાતરી થાય છે કે-મારો મિત્ર વિજય એ જ આપ જેની શોધમાં નીકળ્યા છો તે હોવો ઘટે. એ દિવાનનું જીવન આદર્શરૂપ છે. વળી તેઓને બાલ્યકાળથી સાધુ-સંતના સમાગમનો અભ્યાસ પણ છે એટલે મહાત્માના મુખે તે ઉભય ચઢે તેમાં નવાઈ જેવું ન ગણાય. ચાલો મારી સાથે, આ સામે દેખાતા વણિકવાસમાં જ તેમનું ઘર છે. તેમના બાપ ખાસ ધનિકની કક્ષામાં આવે તેવા નથી, પણ કાપડના વ્યવસાયમાં શાંતિથી રોટલો રળનાર, યથાશક્તિ વ્રત-પચ્ચક્ખાણ કરનાર અને પ્રમાણિક વેપારીની છાપવાળા છે. કુટુંબના નાના મોટા છ જણના વસ્તારમાં રળનાર તેઓ એક જ હતા, છેલ્લા બે વરસથી મારો મિત્ર વિજય દુકાને બેસતો થયો છે; અને એ યુવાન સુહૃદે થોડા અંશે ઘરનો ભાર ઉપાડી લઈ વડિલને કંઈક રાહત આપી છે. વળી મિત્રપત્ની વિજયાએ પણ આ ઘરમાં પ્રવેશ કરી, પોતાની આવડતના જોરે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૌનો પ્રેમ છતી લીધો છે. સંખ્યાના પ્રમાણમાં ઘર સાંકડું ગણાય છતાં તેણીએ બુદ્ધિના બળે એવી તો ગોઠવણ કરી છે કે એ ઘરની ઉજ્જળામણ આજે ઉદાહરણરૂપ બની છે. વિજયા પોતાના માબાપની એક માત્ર લાડીલી પુત્રી છતાં ગુણવાન છે. પરિશ્રમથી કદી પણ કંટાળતી નથી. આ ઘરમાં પરણીને આવ્યા હજુ થોડા વર્ષો થયા છે; છતાં આજે મારા મિત્રની માતા તેણીની સલાહ વિના એક ડગલું પણ ભરતા નથી. વિજયા તેમને મન પુત્રવધૂ નથી પણ વ્હાલી દીકરી છે. મારા મિત્ર વિજયની નજરે નીતિકારોએ જે શ્લોક ગુણવંતી ભાર્યાને ઉદ્દેશી રચ્યો છે—

**कार्येषु मंत्री करणेषु दासी,**
**भोज्येषु माता शयनेषु रंभा;**
**मनोनुकूला क्षमया धरित्री,**
**गुणैश्च भार्या कुलमुद्धरन्ति ॥**

એ અક્ષરશઃ સાચો પડ્યો છે. વળી વૃદ્ધોએ સુખી ઘરની જે વ્યાખ્યા બાંધી છે તે પણ એ ઘરને યથાર્થ બંધબેસતી આવે છે—

**પહેલું સુખ તે જાતે નર્યા,**
**બીજું સુખ ગુણવંતી નાર,**
**ત્રીજું સુખ કોઠીએ જાર,**
**ચોથું સુખ તે પુત્રપરિવાર.**

એક જ ઊણપ જણાય છે અને તે ઘરની નજરે નહીં પણ માત્ર મારા મિત્રની દૃષ્ટિએ અને તે એ જ કે પ્રભુતામાં પગલા પાડ્યાને વર્ષો વીતતાં ચાલ્યા છે પણ હજુ વિજયાનો અંક અલંકવિહૂણો રહ્યો છે.

ખરેખર, ભાઈ તારી વાતથી મારી શોધને ફળ બેસે છે. એ તે જ દંપતી હોવા ઘટે કે મને સુનિરાજે જે દર્શાવેલ છે; છતાં નજરે જોયા વિના અને વાતનો તાળો મેળવ્યા વિના ચોક્કસ ન કહી શકાય. ચાલો સત્વર મને તેમનો ભેટો કરાવો.

થોડો પંથ કાપ્યા પછી સામે દેખાતા એક નાનકડા ઘર તરફ અંગુલી-કરી. મિત્ર બોલ્યો— ઓટલા ઉપર ઉભેલા છે એ જ મારા સુહૃદ વિજયના પિતાશ્રી. તેઓ કોઈની માર્ગપ્રતીક્ષા કરી રહેલા જણાય છે. અહીંથી ઘણે દૂર દેશ વસતા આપના સરખા મહેમાનમાં વિજયને મળવાની આટલી બધી અંતરની તમન્ના જોઈ મને કંઈક આશ્ચર્ય થાય છે.

ભલા ભાઈ, મને વિજયને મળવા દે એટલે માત્ર આશ્ચર્ય નહીં પણ કંઈક અદ્‌ભુત જાણવાનું મળશે. અત્યાર સુધીના મારા અનુભવથી એ યુવાન દંપતીના જીવન સંબંધમાં તમો સાવ અજ્ઞાન જણાવ છો. ઘર આંગણે વહેતી ગંગાનો તમને ખ્યાલ આવ્યો નથી!

ત્યાં તો ઉભયને પોતાના ઘરના પગથિયા ચઢતાં જોઈ, વિજયાના પિતાશ્રી બોલી ઉઠ્યા—પધારો મહાશય, આપ સરખા ગુણવંતના પગલાથી મારું આ ખોરડું પાવન થયું છે. વસંત! મહેમાન ક્યા શહેરથી પધારે છે? તને તેમના આગમનની ખબર લાગે છે.

મિત્ર વસંત જવાબ આપે તે પહેલાં જ પેલા અતિથિ બોલી ઉઠ્યા—મને સૌ પ્રથમ વિજયના દર્શન કરાવો, એ પછી હું તમોને મારા આગમનનો સર્વ વૃત્તાન્ત સમજાવીશ. આ ગામથી તેમજ ભાઈ વસંતથી હું તદ્દન અજાણ્યો છું. એક જ્ઞાની સંતના સૂચનથી દર્શનાર્થે દોડી આવ્યો છું અને તમારા પુત્ર તેમજ પુત્રવધૂને મારા આંગણે નોતરી, જમણ કરાવી, મારા કઠીણ અભિગ્રહમાંથી છુટકારો મેળવવો છે.

શેઠ સાહેબ, આપની વાત સાંભળી, એમાં 'દર્શન' અને 'જમણ' જેવા શબ્દપ્રયોગોના વપરાશથી મને આશ્ચર્ય થયું છે. સ્નેહીને મળવાની વાત, તેની સાથેનો વાર્તાલાપ તેમજ પરસ્પર કુશળ સમાચાર પૂછવાની રીતિ હું જાણું છું, બાકી દર્શન તો 'દેવગુરુ'ના હોઈ શકે. ગૃહસ્થ ધર્મમાં જુહારની પ્રથા છે અને એનો ક્રમ જોતાં મારા પુત્રે આપને નમસ્કાર કરવા જોઈએ કેમકે આપ વયમાં મોટા છો. વળી આપ મહેમાન હોવાથી જમણનું આમંત્રણ પણ એને કરવાનું હોય. આપને એની મિજમાનીમાં એ નોતરું હું આપું છું. વસ્ત્રો ઉતારો, આ પાણીનો લોટો લઈ એનાથી મુખશુદ્ધિ કરો. ત્યાર પછી અન્ય આવશ્યક વિધિ પતાવો. મારો વિજય એના

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક મિત્રના શુભ પ્રસંગમાં પોતાની પત્ની સહિત નજિકના ગામે ત્રણ દિવસથી ગયેલ છે. તેઓ આજે આવનાર હતા એટલે ઊભો ઊભો હું તેમની જ રાહ જોતો હતો. ત્યાં તો આપ સરખા પુન્યશાળીના દર્શન થયા. સાંજ સુધીમાં એ જરૂર આવી પહોંચશે. અહીંના રમણિય પ્રાસાદમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથની શ્યામલ પ્રતિમા છે. એ ઘણી પ્રાચીન છે અને ચમત્કારિક પણ છે. એના પૂજનનો લાભ ચૂકવા જેવો નથી.

એ મુજબ આવશ્યક કરણીથી હું સત્વર પરવારી લઉં છું અને ભોજન પણ તમારા ઘરે જ કરીશ. થોડો આરામ લઇ, તમોને જે વાતથી આશ્ચર્ય થયું છે એવા તમારા ચિરંજીવીના પવિત્ર જીવનની સાર પછી એની ગેરહાજરીમાં ઝાંખી કરાવીશ. એ સમયે જ તમોને ખબર પડશે કે તમારા આ ઘરમાં કોઇ વિરલ અને બડભાગી દંપતી વસે છે. એ સાંભળવાની ઇચ્છાવાળા સૌ કોઇ ભલે એ સમયે હાજર રહે. આવું જોડું તો લાખોમાં શોધ્યું ય ન જડે!

ઉતકંઠા એવી ચીજ છે કે એનો ઉદ્ભવ થયા પછી પ્રત્યેક કરણીમાં સહજ ચપળતા આવે છે અને જાણે સમય વ્યતીત થયો જણાતો પણ નથી. આગંતુક મહેમાને વાતનો આરંભ કર્યો ત્યારે એકકમાં કુટુંબીજન ઉપરાંત સંઘના મુખીઓની હાજરી પણ સારા પ્રમાણમાં હતી.

તીર્થંકર ભગવંતો જોરશોરથી કહી ગયા છે કે–પાપી જીવો સુતા સારા અને ધર્મી જીવો જાગતા સારા. એમાં પણ ધર્મી આત્માએ પ્રાતઃકાળમાં પવિત્ર ધર્મકરણી એવી રીતે કરવી કે એના નિમિત્તથી કોઇ પાપી આત્મા પોતાનો વ્યવસાય આદરવા તૈયાર ન થાય. હું આવશ્યક ક્રિયા સવારમાં મોટા સાદે કરતો. એ અવાજ સાંભળી નજિકમાં વસતો એક મચ્છીમાર પોતાની જાળ લઇ માછલા પકડવા નીકળી પડતો. આવું કેટલાક વખત ચાલ્યા પછી એ જ્યારે એક અણોજાના દિવસે મારી પાસે સુવર્ણ મુદ્રાની ભેટ ધરવા આવ્યો ત્યારે જ મને ખબર પડી કે મારો અવાજ સાંભળી પોતાના ધંધે એ વહેલો જવાથી એને ઠીકઠીક કમાણી થાય છે. હું તો આ વાત જાણી ધ્રૂજી ઉઠયો. મેં એને સમજાવી માછી મારવાનો ધંધો છોડાવ્યો અને બીજા કામમાં જોડ્યો. મારા મનમાંથી મારા નિમિત્તથી થયેલ જીવહાનિની વાત કેમે કરી ભુસાય નહીં, એવામાં એક જ્ઞાની ગુરુના પગલા મારા ગામમાં થયા. તેઓશ્રીને મેં જણાવ્યું કે મારે ચોરાશી લક્ષયોનિના ભ્રમણમાંથી કાયમનો છૂટકારો મેળવવા તેમજ પ્રમાદથી લાગેલ ઉપરોક્ત દોષથી મુકત બનવા ચોરાશી હજાર (સો!) સાધુ મહાત્માઓને શુદ્ધ અન્નપાણી વહોરાવવા છે, તો એ માટે મારે કેવી યોજના કરવી તે આપ મહર્ષિ મને દર્શાવો.

ગુરુ મહારાજ બોલ્યા, દેવાનુપ્રિય, તારી ભાવના ઉચ્ચ પ્રકારની છે પણ એ પાછળ લાંબી નજર નથી દોડાવવામાં આવી. એક તો એટલી સંખ્યાના મુનિયો એક સ્થળે એકત્ર થવા અસંભવિત છે અને બીજી મુશ્કેલી એ છે કે એ પ્રકારનો આહાર બેંતાલીશ દોષ રહિત સંભવે નહીં.

તો પછી ગુરુદેવ, મારો મનોરથ વાંઝણો રહેવાનો?

મહાનુભાવ, 'મન ચંગા તો કથરોટમાં ગંગા' પૂર્વે જેમ શ્રી યુગાદિ જિનેશે, રાજવી ભરતનો આહાર નહોતો સ્વીકાર્યો પણ પોતાના સ્વામી ભાઇઓની ભક્તિમાં વાપરવાથી મહદ્ પુન્ય દર્શાવ્યું હતું, તેમ હું પણ તને તારી આકાંક્ષા મુજબનું ફળ પ્રાપ્ત થાય એવો ઉપાય દર્શાવું છું.

વર્તમાન કાળમાં કચ્છ દેશમાં વસતા વિજય શેઠ અને વિજયા શેઠાણી નામના યુવાન દંપતી એવું પવિત્ર જીવન જીવે છે કે જેની તુલના કરી શકાય નહીં. એ ઉભયને જમાડવાથી તને ઉપરની સંખ્યાના સાધુઓને ગોચરી દીધાનું ફળ પ્રાપ્ત થશે.

સ્વામી, એ પતિ–પત્નીમાં એવું તે શું અજાયબીભર્યું છે કે માત્ર એ યુગલને જમણ આપવામાં આવું ફળ મળે.

જ્યારે તે ઉભય લગ્નગ્રંથીથી જોડાયા ત્યારે તે બન્નેએ જુદા જુદા પ્રસંગે (વિજયાએ શુક્લ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પક્ષમાં અને વિજયે કૃષ્ણ પક્ષમાં ) અખંડ બ્રહ્મચર્યવ્રત પાળવાનો નિયમ લીધો હતો. આ ઉપરથી સહજ જોઈ શકાય છે કે તેઓ તદ્દન સંસારી વિલાસોથી પરાંગમુખ નહોતા થયા. કુદરતે એ ઉભયને જ પતિ-પત્નીરૂપ છેડા ગાંઠણથી ગાંઠયા. આ વાતનો ઘટસ્ફોટ ગૃહસ્થ જીવનના આરંભની પ્રથમ રાત્રિએ ઉભય જ્યારે શયનગૃહના એકાંતમાં મળ્યા ત્યારે થયો.

વિજયાએ સ્વામીને જણાવ્યું કે-મારે તો આ-જીવન બ્રહ્મચર્યવ્રત પાળવાનું ફરજીયાત પ્રાપ્ત થાય છે પણ તમો તો બીજા લગ્ન કરી શકો છો. અત્યાર સુધી મનોપ્રદેશમાં સેવેલા સ્વપ્નો સાચા પાડી શકો છો. એના ઉત્તરરૂપે વિજયે કહ્યું કે-સાચા પ્રેમી તરીકે જે નિયમ તારા માટે સર્જાયો છે એ મારા માટે પણ છે જ. હવે આપણા માટે આ શયનગૃહ વિષય માણવાનું સ્થાન ન રહેતાં ઇંદ્રિયો ઉપર જય મેળ-વવાની સમરભૂમિરૂપ બનવું જોઇએ. આપણા બન્નેના વર્તમાન સંયોગો એવા છે કે-એ વાત બહાર મૂકવામાં લાભ કરતાં હાનિ વિશેષ છે. વળી એ સાથે આપણો નિયમ દૃઢ બને અને વાસનાઓ ઉપર આપણે વિજય પ્રાપ્ત કરી શકીએ તેવા **કાયિક** માત્ર જ નહીં, પણ **વાચિક** અને **માનસિક** પ્રયાસો કરી, એવી વજ્ર જેવી શકિત મેળવવી જોઇએ કે જેથી ભાવિ જીવનમાં મદનરાજનું કોઇ પણ આકર્ષણ આપણ ઉભયને ચળાવી ન શકે. બાંધેલા અશ્વનું બ્રહ્મચર્ય પ્રશંસનીય નથી તેમ ફરજીયાત મન મારીને કામ જીતવો એ વખાણવા લાયક ન ગણાય. પ્રાપ્ત થયેલ યોગ જો કે છે ફરજીયાત પણ એને મરજીયાતમાં ફેરવી નાખી આપણે સાચા વિજેતા બનવું છે. આપણી એ સાધના એવી ગુપ્તપણે વિકસવી જોઇએ કે જેથી નજિકના સંબંધીને પણ એની ગંધ ન આવે. જે દિવસે એ વાત પ્રગટ થાય તે દિન આપણા માટે સુવર્ણનો હશે. એ વેળા આપણે સંયમ પંથે વિચરવાના શપથ ગ્રહણ કરીશું.

ભાઇ, આવી કપરી પ્રતિજ્ઞા સોહાગ રાતના પ્રાંત ભાગે લાંબા મનોમંથન પછી લેનાર એ યુગલ ખરે જ વંદનીય છે એમાં ઘણી મુશ્કેલીઓ તાણા-વાણા માફક વીંટાયેલી છે. ટૂંકામાં એટલું જ કહી શકાય કે જંગલ વા ગિરિગુફામાં જઇ કામને જીતવો જેટલો સ્હેલો છે તેટલો એક જ પલ્યંક ઉપર શયન કરી એને હંફાવવો સ્હેલો નથી. એકાંત સ્થાન અને વિવિધ અંગોનો સ્પર્શાસ્પર્શ ભલભલાના પાણી ઉતારી નાંખે ત્યાં વિધવિધ પ્રકારી સોણલા સેવનાર આ યુવાન આત્માઓની શી વાત કરવી ? એ ઉભયને મોહરાજાના બાણોથી જે કદર્થના વેઠવી પડી છે અને આલેખ્યા ન જાય એવા જેની કષ્ટો પરંપરા હેઠળ પસાર થવું પડ્યું છે તે જ્ઞાની સિવાય ભાગ્યે જ અન્ય જાણી શકે.

કેટલાક સમય પર્યંત એક જ શય્યા, વચમાં ઉઘાડું ખડ્ગ, જરા પ્રમાદ થતાં જ તીક્ષ્ણ ધાર ઘા કરે. પછી વળી ભિન્ન શૈય્યા. આમ છતાં યુવાની એનો ચમકારો દાખવ્યા વિના કેમ રહે ? સમયના વહેવા સાથે સ્ત્રીજાતિના અંગોમાં ફેરફાર થાય. ચહેરામાં કોઇ અનોખી લાવણ્યતા નાચવા માંડે અને ગાત્રોની પ્રફુલ્લતા છુપી ન રહે. ચોમાસામાં જેમ જળના સંયોગથી વનરાજી પાંગરી ઉઠે, તેમ નારી-જાતિનો દેહ તારુણ્યના આંગણે પ્રવેશતાં જ કોઇ અનોખી પદ્ધતિએ ખીલી ઉઠે, અને એના ફેરફારો પ્રૌઢતા પર્યંત ચાલુ રહે. એ વેળા વિવિધ ભાવો અંતરના ઊંડાણમાં સમુદ્રનાં તરંગો માફક ઉછાળા મારે. અંગેઅંગમાં વિકારની પ્રબળ જ્વાળા પ્રગટી ઉઠે. સ્ત્રીવેદ પુરુષના સાથની ભૂખ પ્રગટાવે અને પુરુષવેદ સ્ત્રીના સમાગમ પ્રતિ મન દોડાવે. સામગ્રી ન હોય તો એ વ્યર્થ જાય, પણ અહીં તો સાનુકૂળતા છતાં માત્ર જોવાનું અને કેવળ દાઝવાનું ! ઠંડી આગમાં સતત સેકાવાનું ! નિદ્રા કે પ્રમાદને ખંખેરી મૂકી ઉજાગર દશા ચક્ષુ સામે રમતી રાખવાની. એક જ ભૂલ અને પેલ ખલાસ. જોતજોતામાં મહિના-ઓની કમાણી ધૂળમાં મળતાં વિલંબ ન થાય. તમાચો મારી મુખ લાલ રાખવા જેવું. સવાર થતાં જ રાત્રે નિદ્રા આવી હોય કે ન આવી હોય, મન સ્વસ્થ હોય કિંવા ન પણ હોય છતાં દૈનિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ચિરંજીવ–પારણું
### (અક્ષય્ય તૃતીયા)

લેખક:–પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્ય

**શ્રી આદિનાથ પ્રભુ** એ આ અવસર્પિણીમાં થયેલ ચોવીશ તીર્થંકરોમાં પ્રથમ તીર્થંકર. એ પ્રભુના જીવનના એક એક પ્રસંગ અદ્‌ભુત છે. તેમાં ઇક્ષુ–શેરડી સાથે પ્રભુને બે વખત પ્રસંગ પડ્યો અને એને વિશિષ્ટ સ્થાન મળી ગયું.

પ્રથમ પ્રસંગ હતો પ્રભુ એક વર્ષના હતા ત્યારનો. પ્રથમ જિનવરના વંશનું નામ–સ્થાપન કરવું એ ઇન્દ્રનો આચાર ગણાય. દેવો ને ઇન્દ્રો આચાર ચૂકે નહિ. ઇન્દ્ર દેવલોકથી તે માટે આવ્યા. આવતાં આવતાં તેમને વિચાર આવ્યો કે પ્રભુ પાસે ખાલી હાથે ન જવાય. માર્ગમાં શેરડીનું જૂડ આવતું હતું તેમાંથી સાંઠાસોતી શેરડીઓ લીધી ને પ્રભુ પાસે આવ્યા. શેરડી લેવા પ્રભુએ હાથ લાંબો કર્યો ને ઇન્દ્રે પૂછ્યું: इक्षु+आकु શું શેરડી ખાશો? વંશનું નામ કર્યું 'ઇક્ષ્વાકુ'

ઇક્ષ્વાકુ વંશ અને કાશ્યપગોત્ર સ્થાપીને ઇન્દ્ર સ્વર્ગે પધાર્યા. આમ ઇક્ષુ સાથેનો પ્રભુનો પ્રથમ સંબંધ.

× × ×

બીજો સંબંધ એ પ્રથમ સંબંધ પછી ૮૩ લાખ પૂર્વ ગયા પછીનો.

બીજો સંબંધ જુદી રીતે જ બન્યો. પ્રભુએ પ્રવ્રજ્યા લીધી ત્યારે કોઇને પણ મુનિધર્મના આચારની સમજણ ન હતી. ચૈત્ર વદિ ૮ (ફા. વ. ૮.) એ પ્રભુનો દીક્ષાદિવસ. છટ્ઠની તપશ્ચર્યા પ્રભુએ કરેલી, પણ પારણે શુદ્ધ પદાર્થ મુનિવરને કઇ રીતે વહોરાવવો તેનું શિક્ષણ કોઇને નહોતું એટલે પ્રભુને ઉપવાસ ઉપર ઉપવાસ કરવા પડ્યા. વર્ષ ઉપરાંત એ ઉપવાસો ચાલ્યા.

---

કાર્યવાહીમાં હસતે મુખડે જોડાવાનું, વડિલોને આ કાર્યવાહીની ગંધ ન આવે તેવી ચૂપકીદી સેવવાની અને સાથેસાથ યુવાન મિત્રો અને હોંશિલી સખીઓના જાતજાતના સવાલો અને રંગબેરંગી મજાકો વચ્ચેથી સહીસલામત રીતે પસાર થવાનું. આ રીતે **દીવાની યુવાનીને** કબ્જે કરવાની. તમો સર્વ ભલે આ વૃત્તાન્તથી અજ્ઞાત હો, પણ જ્ઞાની ગુરુના વચનથી આ સર્વ મેં જાણ્યું છે અને એ જાતનું જીવન ખરેખર અજોડ છે, પાના પુસ્તકે ચઢે તેવું છે. સ્ફટિક રત્ન કે કોહીનૂર હીરાના તેજને ટક્કર મારે એવું યુગલ તમારે ઘેર છે. એથી તમો પણ ભાગ્યવંત છો.

અતિથિના આ વર્ણને સૌ કોઇને પ્રથમ તો આશ્ચર્યાન્વિત કરી દીધા. માતા–પિતા અને મિત્રો તેમજ સખીઓને મનોમન એ દંપતી સાથના વાર્તાલાપ વેળા ઉચ્ચરાયેલ વચનોના અંકોડા જોડાતા લાગ્યા. અને વાતની સહજ પ્રતીતિ થવા લાગી. ત્યાં તો સંધ્યાદેવીના ઓળા ઉતરવા માંડ્યા. સૌ કોઇ આતુર નયને માર્ગપ્રતીક્ષા કરી રહ્યા.

પતિ–પત્ની જ્યાં પોળમાં પ્રવેશ કરે છે ત્યાં તો 'બાળબ્રહ્મચારી દંપતીનો જય હો'–'વિજય શેઠ–વિજયા શેઠાણીનો જય હો' 'એ યુગલ અમર રહો' એવા નાદો ગાજી રહ્યા. સૌપ્રથમ પેલા મહેમાને આવી ઉભયના કંઠમાં પુષ્પની માળ પહેરાવી. પગમાં પડી વંદન કર્યું.

જ્યાં વિજય આગો ખસી કંઇ બોલવા જાય છે ત્યાં તો સૌ પોકારી ઉઠયા કે–સંસારીના લેબાશમાં તમો સાધુ જીવન જીવી રહ્યા છો એ વાત આજે ઉઘાડી પડી ગઇ છે.

તો મુરબ્બીઓ, અમારા બન્નેનો માર્ગ મોકળો થયો છે. ભાગવતી દીક્ષા લેતાં હવે જરા પણ વિલંબ નહીં થવા દેવાય.

અતિથિ મહાશય બોલ્યા–તમારા સરખા વિરલાઓને કોણ રોકી શકે! પણ એ કાર્ય મારે ત્યાંના જમણ પછી જ કરવાનું.

**ધન્ય હો આવા બ્રહ્મચારી યુગલ!**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૈશાખ માસના શુકલ પક્ષનો ત્રીજનો દિવસ હતો, ચડતો પહોર હતો. હસ્તિનાગપુરમાં પ્રભુ પધાર્યા હતા. આગળ પ્રભુ અને પાછળ લોકોના ટોળેટોળા ચાલતા હતા. લોકો પોકાર કરતા હતા કે 'પ્રભુ કાંઈ લેતા નથી–લેતા નથી.'

ભર બજારની સામેના ભાગમાં યુવરાજ શ્રી શ્રેયાંસકુમારનો ભવ્ય આવાસ હતો. આવાસના વાતાયનમાં કુમાર બેઠા હતા. સામે દશ્ય–અપૂર્વ દશ્ય દેખાતું હતું. દશ્ય જોયું અને કુમારનું મન વિચારે ચડ્યું. વિચારની પૂર્વભૂમિકારૂપ કુમારને સ્વપ્ન આવ્યું હતું. કુમારને જ સ્વપ્ન આવ્યું હતું એટલું જ નહિ–રાજાને, મંત્રીને અને નગરશેઠને પણ સ્વપ્નો આવ્યા હતા. સ્વપ્નો કુમારને અનુલક્ષીને હતા. સ્વપ્નોથી કુમારને અભૂતપૂર્વ લાભ મળવો જોઈએ એમ સર્વેએ મળીને નક્કી કર્યું હતું.

એમાં આ દશ્ય કુમારે જોયું. વિચારધારા સૂક્ષ્મ બની. દૂર દૂર ભૂતકાળ તરફ વિચારપ્રવાહ વહેવા લાગ્યો. પૂર્વભવની પહેલાંના ભવના પ્રદેશમાં એ પ્રવાહ જઈ પહોંચ્યો. ત્યાં આ દશ્યને અનુરૂપ મળતું દશ્ય અનુભવ્યું હતું તે સામે ખડું થયું.

એ અનુભવ સાથે વર્તમાનની તુલના ચાલી. પ્રભુ અત્યારે સર્વસંયમી છે. દેહ માટે શુદ્ધ આહાર સિવાય અન્ય કાંઈ એમને કલ્પતું નથી. લોકો આ જાણતા નથી ને પોકાર પાડે છે. પ્રભુની કાંચનવર્ણી કાયા પણ વાર્ષિક તપથી લેવાઈ ગઈ છે. મારા આજે અહોભાગ્ય છે કે મને ભાન થયું! પ્રભુને શું વહોરાવાય તેની મને સમજ પડી.

વિચારધારાના ધ્રુવ બિન્દુને લક્ષ્યમાં રાખીને કુમાર નીચે ઊતર્યા. યોગાનુયોગ સુન્દર હતો. સેવક શુદ્ધ ઇક્ષુ રસના ઘડાઓ ભરીને ત્યાં હાજર હતો. પ્રભુને ભાવપૂર્વક શ્રેયાંસકુમારે પારણું કરવા વિનંતિ કરી. પૂર્વના અંતરાયનો અંત આવ્યો, પ્રભુએ બન્ને હાથ એકઠા કર્યા અને કુમારે ઇક્ષુ રસ વહોરાવ્યો. પ્રભુએ પારણું કર્યું.

પંચ દિવ્ય પ્રકટ થયાં.

લોકો જોઈ રહ્યાં.

લોકોને કુમારે સમજણ આપી.

એ દિવસ અક્ષય થયો. અક્ષયતૃતીયાસ્વરૂપે આજ પણ એ દિવસ સર્વ દિવસોમાં પોતાનું અનોખું વ્યક્તિત્વ જાળવી રહ્યો છે.

દાન એ ધર્મમાં પ્રથમ છે. એ દાન ધર્મનો પ્રારંભ અક્ષયતૃતીયાને દિવસે થયો.

× × ×

હે ભગવાન્! હાથ લાંબા કરીને ઇક્ષુરસ લ્યો!

ભગવાન્ ઇક્ષુરસ લે છે. કરદ્વય સાથે મળ્યા છે ને તેમાં ઇક્ષુરસની શિખા ચડે છે. એ શિખા તો છે ઉપર ઉપર ચડતા ઇક્ષુરસની પણ જોનારાઓને જણાય છે કે આ તો શ્રેયાંસકુમારના નિર્મલભાવ–ધ્યાનની શિખા વધતી જાય છે.

એ શિખા શિખા નથી પણ ગંગા છે. આ ગંગા પુરુષોત્તમ–પ્રભુના હાથમાથી પ્રગટી છે. આ ગંગા ગૌરવપૂર્વક માને છે કે આકાશગંગા કરતાં હું ઊંચી છું કારણ કે એ આકાશગંગા તો પુરુષોત્તમનાં ચરણથી પ્રકટી છે. ઊંચે ચડતી શિખારૂપ ગંગા આકાશગંગાને ઉપર પ્રમાણે તર્જના કરવા માટે આકાશમાં ચડી છે એમ લાગે છે.

વળી આ શિખાને ચન્દ્રમાને પણ એક શિખામણ આપવાની છે–તે એ કે મારી મધુરતાનું તને ભાન નથી એટલે તને અમૃત ઉપર અનુરાગ છે. જો હું કેવી મધુર છું–પછી તું સુધાને વિસરી જઈશ. એટલા માટે આ શિખા ગગને પહોંચી છે.

વળી આ શિખા ગગને પહોંચીને સ્વર્ગના વિમાનોને બતાવીને જણાવે છે કે આ વિમાનો વિમાનો નથી પણ દાન દેનારાઓની પુણ્યપરંપરા છે.

પ્રભુના હાથમાં ઇક્ષુરસ દેખીને આવી આવી ઉપમાઓ–કલ્પનાઓ થાય છે.

'યશ' (ઉપા. યશોવિ. મ.) કહે છે કે ચિત્ત–વિત્ત અને પાત્ર એ ત્રણનો આ રીતે જિનભાનુ મળે ત્યારે મેળ મળી જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રશ્નપદ્ધતિ

( ૬ )

અનુવાદક : આચાર્ય મહારાજશ્રી વિજયમહેન્દ્રસૂરિજી મહારાજ

પ્ર૦—(૭૧) વીરપ્રભુના સાધુઓની ચઉદ હજાર સંખ્યા છે તે શા રીતે?

ઉ૦—આ સંખ્યા સ્વહસ્તદીક્ષિત સાધુઓની જાણવી, શિષ્ય પ્રશિષ્ય સાધુઓની સંખ્યા તો જુદી છે. જેમ ચક્રવર્તિના સૈન્યના પ્રમાણમાં હાથી, ઘોડા આદિની સંખ્યા ચોરાશી લાખ કહેલ છે, ભરત મહારાજાને સવાક્રોડ પુત્રો હતા, તે દરેકનો એક એક અશ્વ ગણીએ તો સવાક્રોડ ઘોડા થાય, પણ ચક્રવર્તિના ઘોડાની સંખ્યા તો ચોરાશી લાખ જ ગણાય, પુત્રોની જુદી જાણવી, તેની માફક વીરપ્રભુના સ્વહસ્તદીક્ષિત સાધુઓનું આ પ્રમાણ જાણવું. પરંતુ તેમાં શિષ્ય પ્રશિષ્ય સાધુઓ ન લેવા.

પ્ર૦—(૭૨) પાંચ પુરુષને સેવવા છતાં દ્રૌપદીનું સતીપણું શા રીતે હોય?

ઉ૦—પરપુરુષનો સંગ કરે તો સતીપણું રહેતું નથી, પરંતુ તે પરપુરુષો નથી. પૂર્વભવમાં નિયાણાપૂર્વક બાંધેલા કર્મને લીધે, એક પુરુષના ગળામાં વરમાળા પહેરાવ્યા છતાં લોકોએ પાંચ પુરુષના ગળામાં વરમાળા જોઇ ત્યારે દ્રૌપદીને પાંચ ભરતાર છે એમ લોકોનું કહેવું થયું તેથી દ્રૌપદીનું પતિવ્રતાપણું જતું નથી.

પ્ર૦—(૭૩) જિનેશ્વરની ભક્તિમાં પૂર્ણ એવો શ્રેણિક રાજા નરકે કેમ ગયો?

ઉ૦—શ્રેણિક રાજાએ સમ્યક્ત્વ પામ્યા પહેલાં એક હરણીને બાણથી વીંધી ત્યારે નરકનું આયુષ્ય બાંધેલું હતું તેથી નરકમાં ઉત્પન્ન થયો.

પ્ર૦—(૭૪) અઠ્ઠમ તપ કરનાર સાધુને કાંજીનું જળ લેવું કલ્પે છે તો તે કાંજિક દ્રવ્ય શું કહેવાય?

ઉ૦—અત્યંત ગરમ જળમાં વડા નાખીને લૂણ (મીઠા) આદિથી સંસ્કારિત કરે, ઠંડું થયા પછી તે ખાવા યોગ્ય હોય, બીજું ગરમ જળ ન મળે તો ગરમ જળમાં વડા નાખ્યા હોય પણ લૂણ આદિથી સંસ્કારિત ન કર્યું હોય ત્યાં સુધી તે પાણી સાધુને લેવું કલ્પે છે. તેમાં વડાનો ભ્રમ કરવો નહિ. ઉપવાસવાળા સાધુને ત્રણ ઉપવાસ સુધી પાણસ્સના આગારો હોય છે, પછી એક ગરમ પાણી જ વપરાય. કાંજિનું જળ ન વપરાય.

પ્ર૦—(૭૫) ઇરિયાવહી પડિક્કમતી વખતે ઉત્તરાસંગ ન કરવું તેનું શું પ્રયોજન?

ઉ૦—વિનય કરવાને માટે ઉત્તરાસંગ છે, અને ઇરિયાવહિ તો પ્રાયશ્ચિત્ત લેવારૂપ છે, તેમાં ઉત્તરા-

---

આ પ્રસંગનું પૂ. ઉપા. મ. નું પદ આ પ્રમાણે છે.

## શ્રી આદિજિન-પારણું-સ્તવન

( રાગ-ગોડસારંગ તથા પૂર્વી )

પસારી કર લીજે, ઇક્ષુરસ ભગવાન્!
ચઢત શિખ શ્રેયાંસકુમરકી, માનું નિર્મલ ધ્યાન.
પસારી. ૧ ટેક
મેં પુરુષોત્તમ કરકી ગંગા,
તું તો ચરન નિદાન;
ઇત ગંગા અંબર તરજનકું,
માનું ચલી અસમાન. પસારી. ૨
કીધો વિધુ બિમ્બ સુધાંશુ ચાહત,
આપ મધુરતા માન;
કીધો દાયકકી પુણ્યપરંપરા,
દાખત સરગ વિમાન. પસારી ૩.
(પ્રભુ) કરે ઇક્ષુરસ દેખી કરત હૈં,
ઐસી ઉપમા જાન;
જશ કહે ચિત્તવિત્તપાત્ર મિલાવે,
યું ભવિકું જિન-ભાન. પસારી. ૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંગ કરવાની જરૂર નથી, અતિક્રમુખ રીતે પ્રાયશ્ચિત લેવાનું છે, તેથી ઇરિયાવહિ પડિક્કમતી વખતે ઉત્તરાસંગ કરવાની પ્રવૃત્તિ નથી.

પ્ર૦—(૭૬) પુરુષ અને સ્ત્રીના કેટલા દ્વાર ઝરે છે?

ઉ૦—બે આંખ, બે કાન, બે નાકના ફણા, મોઢું, ગુદા, પેશાબનું દ્વાર આ પ્રમાણે પુરુષના ૯ અંગ જાણવા, તથા બે સ્તન અને પ્રસૂતિ સહિત બાર દ્વાર સ્ત્રીઓના જાણવા, એમાંથી નિરંતર અશુચિ ઝર્યાં કરે છે.

પ્ર૦—(૭૭) ગર્ભમાં રહેલો જીવ શું ખાય?

ઉ૦—જ્યાં સુધી ગર્ભમાં વૃદ્ધિ ન પામે ત્યાં સુધી પુરી જેમ તેલને ગ્રહણ કરે તેમ માતાનું રુધિર અને પિતાનું વીર્ય મિશ્રણ થયું હોય તે ખાય છે, જ્યારે નાભિનું સ્થાન થાય ત્યારે માતાના કમલના સ્થાનથી એક નાડી ઉત્પન્ન થાય છે, અને પુત્રની નાભિથી એક નાડી ઉત્પન્ન થાય છે, માતાની નાડી પુત્રની નાભિપ્રદેશને વિષે લાગેલી હોય છે, અને પુત્રની નાડી માતાના કમલની સાથે સ્પર્શેલી હોય છે, આ બંને નાડીઓથી માતા જે આહાર લે તેનો જે રસ થાય, તે રસને ગર્ભમાં રહેલ જીવ ગ્રહણ કરે છે, પરંતુ કવલ આહાર કરતો નથી,

પ્ર૦—(૭૮) શાસનદેવીઓ પરિગ્રહિતા હોય કે અપરિગ્રહિતા?

ઉ૦—કેટલીક પરિગ્રહિતા અને કેટલીક અપરિગ્રહિતા પણ હોય છે.

પ્ર૦—(૭૯) જીવોને રોગની ઉત્પત્તિ કેવી રીતે થાય?

ઉ૦—જ્યાં સુધી વાત, પિત્ત અને કફ ત્રણેની સમાનતા હોય ત્યાં સુધી રોગની ઉત્પત્તિ થતી નથી, જ્યારે એકની ન્યૂનતા અને બીજાની વૃદ્ધિ હોય ત્યારે શરીરમાં પીડા થાય.

પ્ર૦—(૮૦) નારકીઓ શા માટે લડે છે? સ્વસ્થ થઇને કેમ કાળક્ષેપ કરતા નથી?

ઉ૦—નારકીઓ ગતિના સ્વભાવથી જ લડે છે સ્વસ્થ થઇને રહેતા નથી કારણ કે "कोहबहुला णेरइआ" નારકીમાં ક્રોધની બહુલતા હોય છે,

પ્ર૦—(૮૧) जय जय नंदा આ વાક્યમાં શું પુનરુક્ત દોષ નથી?

ઉ૦—અમારા ગુરુ અભયદેવસૂરિ મહારાજે ભગવતીસૂત્રની ટીકામાં કહ્યું છે કે "वक्ता हर्षभयादिभिराक्षिप्तमनाः स्तुवंस्तथानिन्दन् ॥ यत्पदमसकृद् ब्रुते, तत्पुनरुक्तं न दोषाय ॥१॥ અર્થાત્ હર્ષ અને ભયાદિથી વ્યગ્ર મનવાળો વકતા સ્તુતિ કરતો કે નિન્દા કરતો જે પદ વારંવાર બોલે તે પુનરુકત દોષને માટે નથી. जय जय એ પદમાં પુનરુકિત દોષ છે જ. પરંતુ દોષને માટે નથી. આ પ્રમાણે કારિકાના બળથી કહેવામાં દોષ નથી.

પ્ર૦—(૮૨) ભાષ્યકારે કહ્યું કે–"सव्वट्ठसिद्धे जहन्नेणं बत्तीसं सागरोवमाइं उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं" તે શા રીતે સમજવું?

ઉ૦—તત્ત્વાર્થસૂત્રની ટીકામાં તો કહ્યું કે-एतन् भाष्यकारेणोक्तं तन्न सम्यगवबुध्यते આ વાત ભાષ્યકારે કહી છે પણ તે સમ્યગ્ પ્રકારે સમજાતી નથી કારણ કે સૂત્રમાં તો "अजहन्नमणुक्कोसं तेत्तीसं सागरोवमाइं सव्वट्ठसिद्धे परमाऊ" આ વાત ભાષ્યકારે શા અભિપ્રાયથી કહી તે સમજાતી નથી.

પ્ર૦—(૮૩) સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે દર્શનના ઉપયોગનો કેમ નિષેધ કર્યો?

ઉ૦—તે ગુણસ્થાનકના સ્વભાવથી દર્શનના ઉપયોગનો નિષેધ કર્યો છે.

પ્ર૦—(૮૪) ગૃહવાસમાં રહેલા જિનેશ્વરો ભોગોને ભોગવે છે, તો પછી તેઓ કર્મના લેપવડે લેપાય કે નહિ? જો એમ કહેશો કે કર્મના લેપથી લેપાય છે, તો તીર્થંકર થઇને કર્મબંધના કારણભૂત એવા ભોગને શા માટે ભોગવે છે? આવી રીતે બોલે તેણે સમ્યક્ત્વમૂળ બાળ્યું ગણાય, તો પછી શા રીતે કહેવું?

ઉ૦—તીર્થંકરદેવ ઉદયમાં આવેલ ભોગકર્મોને ભોગવીને નિર્જરા કરે છે એમ કહેવું. આ પ્રમાણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરોપકાર

લેખકઃ—શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"

આત્માના અત્યંત ઉચ્ચ કોટીના ગુણનો આવિષ્કાર એટલે જ પરોપકાર. પોતા પાસે અમુક જાતનો ગુણ હોય અને તે ગુણથી બીજાનું કાર્ય સધાતું હોય તો તે સધાવા દેવું અર્થાત્ આપણી સમૃદ્ધિનો ભલે બીજો કોઈ ઉપયોગ કરે તેમાં સાત્વિક આનંદ માની આત્માને ઊંચે ચઢાવવો એ જ પરોપકાર કહેવાય. પરોપકારમાં મુખ્યતઃ ત્યાગ ગુણ જ કામ કરે છે. અને આવો જાતનો પરોપકાર કરવા પછી પણ જરાય અભિમાન ધારણ ન કરવું તેથી જ સાચી આત્મોન્નતિ સધાય છે. પરોપકાર કરવા છતાં મનમાં આપણે જેના ઉપર ઉપકાર કર્યો હોય તેને હલકો અગર તુચ્છ સમજતા હોઈએ તો એ પરોપકારની મૌલિકતા ઓછી થઈ જાય છે. પરોપકાર કરવામાં તો ફક્ત પોતાના કર્તવ્યનું જ ભાન હોવું જોઈએ. એમાં ગર્વને અવકાશ જ ન હોય. ત્યારે જ પરોપકારનો ગુણ એ આત્માને ઊંચે ચઢાવી શકે. એમાં જરા જેવી પણ ઊણપ આવી જાય ત્યારે પરોપકાર પોતે જ લાજે. મતલબ કે પરોપકાર અત્યંત નિસ્પૃહ અને શુદ્ધ બુદ્ધિનો હોવો જોઈએ. એટલું જ નહીં પણ જેમ કોઈ વ્યસની મનુષ્ય પોતાનું વ્યસન સેવવામાં જ આનંદ માની એ વ્યસન વગર ચાલે જ નહીં—એવો અનુભવ કરે છે અર્થાત્ એનો એ સ્વભાવ વિશેષ બની જાય છે તેવો વિશિષ્ટ જાતનો ગુણ પરોપકારમાં હોવો જોઈએ. પ્રસંગ ઉપસ્થિત થતાં પરોપકારી માનવ પોતાનો ગુણ છુપાવી જ શકતો નથી. એ તત્કાળ પોતાની પરોપકારી વૃત્તિ બતાવીને પરોપકાર કરે જ છે.

કોઈ જ્ઞાની માણસ હોય, તેની પાસે કોઈ પોતાની ગૂંચ ઉકેલવા માટે પૂછવા આવે ત્યારે જ્ઞાની માણસની ક્ષણવાર ધીરજ રહે જ નહીં. પોતાનું અંગત કાર્ય પણ બાજુ ઉપર મૂકી તે જિજ્ઞાસુની શંકાનું સમાધાન કરી આપે. અમુક સિદ્ધાંત માટે કોઈ ગ્રંથનો આધાર શોધવો પડે તો પણ તે બીજું બધું કામ બાજુ ઉપર મૂકી તે ગ્રંથ શોધી જિજ્ઞાસુને સંતોષવાની અગત્ય વધુ સમજે. જ્ઞાનીના પરિશ્રમ ઉપર નજર કરી કદાચ જિજ્ઞાસુ કહે કે, મારે હમણાં જ ઉકેલ નથી જોઈતો, પછી કોઈવાર જોઈએ. ત્યારે જ્ઞાની તેને સમજાવી તરત જ ઉકેલ લાવી આપવા પ્રયત્ન કરે. એનું મુખ્ય કારણ એ જ છે કે, પરોપકાર કરવો એ એનો સ્વભાવ જ બની ગએલો હોય છે. કોઈ સંકટમાં આવી પડેલો હોય અને પરોપકારી મનુષ્યના જોવામાં એ આવે ત્યારે એ આપદ્ગ્રસ્ત મનુષ્યની કરુણાભરી સ્થિતિ મનમાં ધારી વગર માગ્યે પણ એ મદદ માટે દોડી જાય કારણ એનો એ સ્વભાવ—વિશેષ બની ગએલો હોય છે. દ્રવ્યની અણધારી આપત્તિમાં કોઈ આવી પડેલો જોઈ પરોપકારી મનુષ્ય-

---

અભયદેવસૂરિ મહારાજે શ્રી સ્થાનાંગસૂત્રની ટીકામાં કહ્યું છે, તીર્થંકરદેવ ભોગને પણ રોગની માફક ઉદાસીન ભાવે ભોગવે છે તેથી તેમની નિર્લેપ દશા જાણવી.

પ્ર૦—(૮૫) "अणुग्गए सूरिए" આ પ્રમાણે નિશીથસૂત્રમાં કહ્યું છે તેનો અર્થ શો સમજવો ?

ઠલ્લો અને માત્રું જો રાખી મૂકવામાં આવે તો એ ઘડીમાં જીવની ઉત્પત્તિ થઈ જાય છે, સૂર્યોદય પહેલાં પરઠવે તો દોષ લાગે, અને ઠલ્લો અને માત્રું રોકે તો રોગની ઉત્પત્તિ થાય ત્યારે શું કરવું ?

ઉ૦—જે પ્રદેશને વિષે સૂર્યનો તાપ ન આવે ત્યાં ઠલ્લો માત્રું ન પરઠવવું આ પ્રમાણે અનુદ્ગત શબ્દનો અર્થ જાણવો. નિશિથસૂત્રની પંજિકામાં કહ્યું છે કે—" यत्रार्कांशवो न पतन्ति तदनुद्गतस्थानमयोग्यमिति " જ્યાં સૂર્યનાં કિરણો ન પડે તે અનુદ્ગત સ્થાન અયોગ્ય જાણવું. (ચાલુ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નું હૃદય આપોઆપ દ્રવી જાય છે. અને આપત્તિમાં આવી પડેલ મનુષ્યની પાછળ સ્વયં પ્રેરણાથી દોડી જઇ આગળ વધી તેની આર્થિક આપત્તિમાં સહાયભૂત થઇ તેનું દુ:ખ સ્વયમેવ હળવું કરી મૂકે છે. સંત મહાત્માઓ ભવ્યાત્માઓ માટે પોતાની અંગત અડચણોનો વિચાર કર્યા વગર પણ આગળ ધસી ઉપદેશની ઝડી વરસાવે છે. અને તેને ભવભ્રમણ કરતો અટકાવવાનો પ્રયત્ન કરે છે.

પોતાના દેશ માટે પ્રાણાર્પણ કરનારા દેશભક્તોનો જગતમાં ટોટો નથી. દરેક દેશમાં એવા હુત આત્માઓ પાકેલા છે. અને તેઓએ પોતાના દેશબંધુઓના કલ્યાણને માટે પોતાનું સર્વસ્વ હોમી દીધેલું આપણે જોઇએ છીએ. જ્યારે કોઇ દેશભક્ત લોઢાની સળીઓ પાછળ કારાવાસમાં ધકેલાઇ જાય છે અને રાજકર્તાના નોકરોને હાથે પારાવાર વેદનાઓ સહન કરે છે ત્યારે તે માનવને પોતાના સુખ-સગવડોનો જરાએ મોહ નડતો નથી. પણ પ્રસંગોપાત તે ગોળાથી વીંધાઇ જવાનું પણ પસંદ કરે છે. એવા માણસની પરોપકારની ભાવના પરાકોટીની થઇ જાય છે. આમ જુદા જુદા પ્રસંગે પરોપકારી આત્માઓ અનંત પ્રકારનો ભોગ આપી પરોપકારપરાયણ થઇ જાય છે. પરોપકારની માત્રા એવા સ્વરૂપે પ્રગટ થાય તેને જ પરોપકાર ગણી શકાય છે.

માનવમાં જેવી રીતે સ્મરણશક્તિ કામ કરે છે તેવી જ રીતે વિસ્મરણ એ પણ એક જાતની શક્તિ જ કહી શકાય. કેટલીએક ઘટનાઓ આપણે વર્ષો લગી યાદ રાખીએ છીએ. અને તે ઘટનાઓનું સ્મરણ થતાં આપણે આનંદ અગર ખેદ અનુભવીએ છીએ. એ ઘટના જાણે આપણી સામે હમણાં જ ઘડાય રહી હોય એવો આપણને અનુભવ થાય છે. મોઢે ગોખી રાખેલ શબ્દરચના કે ગણિતના આંક આપણે સડેડાટ બોલી જઇએ છીએ. તેવી જ રીતે સવારમાં ભોજન કરેલ વસ્તુ સાંજે ભૂલાઇ જવાય છે. એવી તો અનેક ઘટનાઓ હોય છે કે આપણે યાદ કરવાનો પ્રયત્ન કરવા છતાં કેમે કરી યાદ આવતી નથી. કોઇ એવા અનેક પ્રસંગોની હારમાળા આપી આપણી યાદદાસ્તને જાગૃત કરવા પ્રયત્ન કરે તો પણ આપણી વિસ્મરણ શક્તિ એવી તો પ્રબલ હોય છે કે, તે પ્રસંગની ઘટના ઉપર એક અભેદ્ય પડદો ઢાંકી દે છે. પરોપકાર માટે આપણી એવી જ વૃત્તિ હોવી જોઇએ. જે વ્યક્તિ ઉપર આપણે પરોપકાર કર્યો હોય તેને તો આપણે ભૂલી જ જવાનો હોય અને પરોપકારની ઘટનાને તો આપણે ભૂતકાળના અનંતમાં-વિસ્મરણના અંધકારમાં-મૂકી દેવી જોઇએ તો જ આપણે કરેલ પરોપકારનું મૂલ્ય તેના સાચા સ્વરૂપમાં પરિણમે.

આપણે કરેલ પરોપકારની વારંવાર યાદ રાખી જે માનવ પર ઉપકાર કરેલ હોય તેની તરફ સ્વાર્થપ્રેરિત તુચ્છતાની દૃષ્ટિથી જોતા રહીએ અને એ માનવ આપણી સાથે કૃતઘ્નતા તો નથી કરતો ને, એવો વિચાર કરતા રહીએ તો આપણે પરોપકારના પુણ્યના જે શુભ દળિઆં બાંધેલાં હોય તે નિર્વીર્ય થઇ જાય છે અને તેનું સાચું ફળ મળતું નથી. એટલા માટે જ પરોપકાર કર્યા પછી જેમ બને તેમ તે ભૂલી જવાની ઘણી જરૂર છે. એટલા માટે જ કહેવાય છે કે, એક હાથે આપેલું દાન બીજો હાથ જાણી ન જાય તેની તકેદારી રાખવાની હોય છે. ઉપકારની યાદ રાખવામાં આપણે ભૂલકણા બનવાનું છે. એ બાબતમાં આપણી સ્મરણશક્તિ નહીં પણ વિસ્મરણશક્તિ જાગૃત રાખવી જોઇએ. ઘણીવાર એમ બને છે કે આપણે જેના ઉપર ઉપકાર કરીએ તે જ વ્યક્તિ આપણી સામે થઇ વેરીનો પાઠ ભજવે છે ત્યારે આપણા મનમાં સહેજ રોષ પેદા થાય માટેજ આપણે પરોપકારનું સાચું ફળ ચાખવું હોય તો આપણા હાથે થએલ પરોપકારની ઘટના જેમ બને તેમ જલદી ભૂલતા શીખવું જોઇએ.

જેનો જે સ્વભાવ હોય તે તે ભૂલતો નથી. તે સ્વભાવમાં જ એ સ્મરણ થઇ જાય છે. સજ્જન મનુષ્ય પોતાનું સજ્જનપણું કોઇ પણ કપરા પ્રસંગે ગુમાવી દે નહીં. જ્યારે દુર્જન પોતાનું દુર્જનપણું ન છોડે ત્યારે સજ્જને પોતાનું સજ્જનપણું છોડી દેવું ? એમ થાય તો સજ્જન પણ દુર્જનની પંક્તિમાં મૂકાઇ જાય.

આપણા બધામાં સાચા પરોપકારના પુણ્યની વૃત્તિ જાગે અને તે પરોપકારના પુણ્યના દળીયાં આપણા આત્માને ઊંચે ચઢવાને મદદરૂપ નિવડે એવી ભાવના સાથે વિરમું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મશાંતિના પવિત્ર પંથે

લેખક : મુનિરાજ શ્રી મહાપ્રભવિજયજી મહારાજ

આ વિશ્વને પ્રકાશ આપનાર આત્મા અનંત-શક્તિનો માલિક છે. તે ખરેખર પોતાની ધ્યાન-શક્તિના પ્રતાપે ત્રણે ભુવનને ડોલાવવા સમર્થ છે. આ આત્મશક્તિને દેવો પણ વશ થાય છે, તો પછી સામાન્ય મનુષ્યો અને પશુઓની તો વાત જ શી? આ આત્મશક્તિ આગળ મોટા નરેન્દ્રો અને ચક્રવર્તીઓ પણ નમી પડે છે.

વસ્તુતઃ આત્મા સ્ફટિકવત્ નિર્મળ અને અનંત-શક્તિનો માલિક છે. તેને અનાદિકાળથી કર્મસત્તાએ દબાવી દીધો છે, જેને લઈને મોહાદિમાં આસક્ત બની અનેકવિધ ભૂલોનો ભોગ બને છે. જ્યાં સુધી આ આત્મા પોતાની ભૂલોનું સંશોધન ન કરે ત્યાં સુધી તે કદિ પણ ઉન્નત બની શકતો નથી, માટે પ્રમાદાદિને લઈને થએલ ભૂલોનું વારંવાર સ્મરણ કરી તે ભૂલો કે દોષોનો પશ્ચાત્તાપ કરી, ફરી તેવા દોષો ન થવા પામે તે માટે નિર્ણય કરવો અતિ આવશ્યક છે. મહર્ષિઓએ નિર્દેશિત કરેલા પરમ-પદની પ્રાપ્તિના અમોઘ સાધનો જેવા કે વિવેક, નિર્વાસના, સદાચાર અને પ્રેમને તેના વાસ્તવ સ્વરૂપને સમજી તેને અમલી બનાવવા ઘટે.

સજ્જનના હૃદયની માખણની કોમળતા સાથેની સરખામણીમાં અન્યાય છે. માખણ તો પોતાને જ સંતાપ થાય ત્યારે પીગળે છે, જ્યારે અન્યના સંતાપના અવલોકન માત્રથી પીગળતું સજ્જનનું હૃદય ખરેખર માખણ કરતાં પણ અનેકગણું કોમળ છે. આ એક નિર્ભેળ સત્યને વાસ્તવિક આત્મોન્નતિ કે પરમશાંતિ અર્થે જીવનમંત્ર બનાવવા જેવો છે.

આત્માનું અહિંસાસ્વરૂપ જ્યારે પ્રકટ થાય છે ત્યારે તેની સમીપમાં આવનારા વિરોધીઓના વિરોધ લુપ્ત થાય છે એટલું જ નહિ, પણ સ્વભાવે વિરોધી પશુઓ પણ પોતાના વૈરભાવ નિવારીને શાન્ત થઈ જાય છે. પ્રેમ-અહિંસાની પ્રભા આગળ વૈરવિરોધનું વાદળ ટકી શકતું નથી.

જગતના બાહ્ય પદાર્થો જેમાં આપણે સુખદુઃખ માનીએ છીએ તે સર્વ સ્થાયી નથી, પણ ક્ષણે ક્ષણે બદલાય છે. એક સ્થળે એક કવિએ જણાવ્યું છે કે:—

વિદ્યુત્ લક્ષ્મી, પ્રભુતા પતંગ;
આયુષ્ય તે તો, જળના તરંગ;
પુરંદરી ચાપ, અનંગ રંગ;
શું રાચીએ, જ્યાં ક્ષણનો પ્રસંગ.

અર્થ:—લક્ષ્મી વિજળી સમાન ચંચળ છે. સત્તા પતંગ જેવી અસ્થિર છે. આયુષ પાણીના કલ્લોલ સમાન છે અને કામના રંગો ઇંદ્રધનુષ્ય જેવા છે. જ્યાં આવા ક્ષણિક સુખ આપનારા પ્રસંગો હોય ત્યાં મનુષ્ય શું રતિ કરે? તેમજ દુઃખી પ્રસંગો વિષે શોક પણ શું કરે? કારણ કોઈ પણ વસ્તુ સ્થાયી નથી. સુખ પણ સ્થાયી નથી, તેમ દુઃખ પણ સ્થાયી નથી.

धैर्यं यस्य पिता क्षमा च जननी,
शान्तिश्चिरं गेहिनी,
सत्यं सूनुरयं दया च भगिनी,
भ्राता मनःसंयमः ।
शय्या भूमितलं दिशोऽपि वसनं,
ज्ञानामृतं भोजनम्,
एते यस्य कुटुम्बिनो वद सखे,
कस्याद् भयं योगिनः ॥

અર્થ:—ધૈર્યરૂપી પિતા, ક્ષમારૂપ માતા, શાંતિરૂપ ગૃહિણી, સત્યરૂપ પુત્ર, દયારૂપી બેન, મનઃસંયમ-(નિયંત્રણ)રૂપ ભ્રાતા, ભૂમિતલરૂપ શય્યા, દિશારૂપ વસ્ત્ર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને જ્ઞાનામૃતરૂપ ભોજન, આવા કુટુમ્બીઓ જે વ્યક્તિને હોય તેને આ જગતમાં ભય કે દુઃખ ક્યાંથી હોય ?

આ જગતમાં એકાંતે અહિતકારી એવા પદાર્થો અવિવેકના કારણે સુખના સાધનભૂત લાગે છે, પણ તે દુષ્ટો આપણા ગળામાં જન્મ-જરા-મૃત્યુ-રોગ, શોકાદિના ફાંસા નાખતા ઓળખાતા નથી. પ્રબુદ્ધ આત્મા સ્વસંતુષ્ટ હોવાથી પોતાના સુખ માટે તેને બહારના પદાર્થો કે મનુષ્યો પર આધાર રાખવો પડતો નથી. માનવને પોતાના આત્માના દિવ્ય આનંદનું ભાન જેટલા પ્રમાણમાં ઓછું તેટલા પ્રમાણમાં તે આનંદ-સુખ મેળવવા માટે બાહ્ય પદાર્થો વિશેષરૂપમાં મેળવવા માટે ઇચ્છે છે અને મથે છે. પણ ખરા આત્મજ્ઞાનીઓનો આનંદ પોતાનામાં રહેલો હોવાથી તે બાહ્ય વસ્તુઓના સદ્ભાવ કે અભાવમાં એક સરખી પ્રસન્નતા જાળવી શકે છે. અનુકૂળ કે પ્રતિકૂળ પ્રસંગોમાં જગત્ જેને સુખ-દુઃખ કહે છે તેવા પ્રસંગોમાં આનંદમાં સારી રીતે રહી શકે છે.

એક રાજાના કંઠમાં વંશપરંપરાથી ઉતરી આવેલું એક માદળીઉં (Talisman) હતું. તે રાજા કોઇ બળવાન્ રાજા ચઢી આવતા હાર પામી કેટલાક સામંતો સાથે જંગલમાં નાશી ગયો. ત્યાં એક ઝાડ નીચે બેસી વિચાર કરતાં તેની દૃષ્ટિ પોતાની ડોકમાં રહેલ માદળીઆ ઉપર પડી. તેણે તે ભંગાવરાવ્યું તો તેમાંથી જીર્ણ તાડપત્રનો ટુકડો નીકળ્યો. તેના પર લખેલું હતું કે 'इदमपि गमिष्यति' This too shall pass away. આ પણ જતું રહેશે. તેણે વિચાર કર્યો કે-હવે શું જતું રહેશે? મારી પાસે શું રહ્યું છે કે તે ચાલ્યું જાય? વિચારતાં તેને લાગ્યું આ મારો પરાભવ-હાર ચાલી જશે અને મને વિજય મળશે. આ વિજયનો વિચાર તેના મનમાં સ્ફૂરતાં તેનામાં નવું ચૈતન્ય આવ્યું. સૈન્ય એકત્ર કરી તેણે શત્રુરાજાને હરાવ્યો, વિજય મેળવ્યો. હવે તે અભિમાનમાં પડ્યો. તેની દૃષ્ટિ પાછી તે માદળીયા પર પડી. તેણે વિચાર્યું કે આ વિજય પણ ચાલ્યો જશે, એ વિચારથી અભિમાન દૂર કર્યું. આ ઉપરથી સાર એ નીકળે છે કે-સુખના પ્રસંગોમાં એવો વિચાર કરવો કે આ સુખ પણ ચાલ્યું જશે માટે ફુલાઇ જવું નહિ. તેમ જ દુઃખના પ્રસંગોમાં પણ વિચારવું કે આ દુઃખ પણ ચાલ્યું જશે માટે દીન ન બનવું. પણ સમતોલવૃત્તિ જાળવવી.

આત્મા અમર હોવાથી અંતવાળી વસ્તુઓમાં શું રાચે? તેમ તેના અભાવમાં ખિન્ન પણ શું થાય? અનંતકાલનો પ્રવાસી આત્મા આ બધા સંસારરૂપી નાટકનો પ્રેક્ષક છે, પણ ભ્રમથી પ્રેક્ષક મટી એક્ટર-નાટકનો પાત્ર બનવા જાય છે એટલે લેપાય છે અને સંસારનાટકમાં તેને પણ અનેક ભાગ ભજવવા પડે છે.

આત્માની શક્તિઓ સત્તાગત છે, તિરોભૂત છે. તેને પ્રકટ થવામાં અંતરાયભૂત પાપસ્થાનકો છે, જે અશુભ પ્રવૃત્તિઓના હેતુ છે, તેનું વિસર્જન કરવાનું છે. જ્યાં સુધી તે હેતુઓ હોય ત્યાં સુધી અશુભ પ્રવૃત્તિ થવાની અને તેના પરિણામે જે કર્મરૂપ વાદળ પ્રકટે તે આત્મસૂર્યને પ્રકટ થવા દે નહિ.

Chastity is life, sensuality is death. પવિત્રતા એ જીવન છે, જ્યારે વિષયવિકારિતા મરણ છે માટે આત્મિક વિશુદ્ધિને અટકાવનાર વિચારો અને આચારોને જલાંજલિ આપવી જોઇએ. આત્મસત્તાગત વિશુદ્ધિને લક્ષમાં રાખી તેવા વિશુદ્ધ થવા વિભાવોનું વિસર્જન થવું જોઇએ.

The evil passions, rising within the mind, hard to be overcome should manfully be fought. He who conquers them is the conquerer of the world. મનની અંદર ઉત્પન્ન થતા દુર્જય દુષ્ટ મનોવિકારોની સામે બહાદુરીથી લડવું જોઇએ. જે તેમના ઉપર વિજય મેળવે છે તે ત્રણ ભુવનનો વિજેતા છે.

મનુષ્યસમાજ ગુણસંપન્ન સૌજન્યભૂમિ પર વિહરવા લાગે તો તેનું ઐહિક જીવન ખૂબ સ્વાસ્થ્યવાળું બની શકે છે. તે ઐહિક રૂડા જીવનના પ્રતાપે પરલોક પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પારિભાષિક શબ્દ–વિવરણ

### છ (ષટ્ક) સંખ્યા

( ૩ )

સંગ્રા૦ શ્રી ડાહ્યાભાઇ મોતીચંદ વકીલ–સુરત

**શાશ્વતી અઠ્ઠાઇઓ**–ત્રણ ચોમાસાની, બે આયંબીલની ઓળીઓ, એક પર્યુષણની.

**સંઘયણ ( સંહનન )**–વજ્રઋષભનારાચ, ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કિલિકા, છેવટ્ઠું,
( કર્મની પૂજામાંથી )

**મુખ્ય રાગો**–ભૈરવ, માલકોશ, હિંડોળ, શ્રીરાગ, વસંત, મલ્હાર.

**સમકિતના આગારો**–રાજાભિયોગ, ગણાભિયોગ, બલાભિયોગ, દેવાભિયોગ, કાંતારવૃત્તિ, ગુરુનિગ્રહ.
( સડસઠ બોલની સજ્ઝાયમાંથી )

**છ’રી પાલી સંઘ**–સચિત્તપરિહારી, એકલઆહારી, ગુરુસાથે પદચારી, ભૂમિસંથારી, બ્રહ્મચર્યધારી, આવશ્યક દોય વારી. (સવાર–સાંજ બે પ્રતિક્રમણ)

**છ આરા**–સુષમસુષમ, સુષમ, સુષમદુષમ, દુષમસુષમ, દુષમ, દુષમદુષમ.

**છ આરાનું માન**–ચાર કોટાકોટી સાગરોપમ, ત્રણ કોટાકોટી સાગરોપમ, બે કોટાકોટી સાગરોપમ, ૪૨ હજાર વર્ષ ન્યૂન એક કોટાકોટી સાગરોપમ, ૨૧ હજાર વર્ષ, ૨૧ હજાર વર્ષ.

**છ રસ**–કટુ, આમ્લ, તિક્ત, મધુર, લવણ, કષાયલો.

**લેશ્યા**–નીલ, કાપોત, શુક્લ, કૃષ્ણ, તેજો, પદ્મ.

**પદાર્થના રૂપો**–નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ, ક્ષેત્ર, કાળ.

**અસ્તિકાય નિક્ષેપા (દ્રવ્ય)**–જીવ, પુદ્ગલ, આકાશ, ધર્મ, અધર્મ, કાળ.

**આવશ્યક**–સામાયિક, ચૈત્યવંદન, કાયોત્સર્ગ ( કાઉસગ્ગ ), વંદના (વાંદણા), પ્રતિક્રમણ, પચ્ચખાણ,

---

સારો સુખાઢ્ય જ મળવાનો. **માનવતાનો વિકાસ એ જ ધર્મ, એ જ સ્વર્ગ અને એ જ મોક્ષ** માનવતાને ઉચ્ચતમભૂમિકા સુધી વિકસાવવા જેટલું મહાન પૌરુષ દાખવી શકે છે તે મહાત્મા આ દેહે જ પરમાત્મપદને પ્રાપ્ત કરે છે.

જ્યાં સુધી માનવ બાહ્ય સંયોગોનો વિચાર કર્યા કરે છે ત્યાં સુધી રતિ–અરતિ થવાની જ, ત્યાં સુધી સુખદુ:ખ થવાનું જ છે. પણ આત્માની અનંતકાળની જિંદગીમાં આ જિંદગી એ એક દિવસ છે, એમ વિચારતાં સર્વ બનાવો ગૌણ થઇ જાય છે. તે મનુષ્ય સુખદુ:ખમાં સ્થિરતા જાળવી શકે છે. કવિ કાલિદાસ કહે છે કે–

**कस्यैकान्तिकं सुखमुपनतं, दु:खमेकान्तो वा ।**
**नीचैर्गच्छत्युपरि च दशा, चक्रनेमिक्रमेण ॥**

**અર્થ**–કોને એકાંત સુખ મલ્યું છે ? અથવા એકાંત દુ:ખ મલ્યું છે ? આપણી દશા ચક્રની ધારા પ્રમાણે ઉપર નીચે ચાલ્યા કરે છે–આવજા કરે છે, માટે શાંતિ મેળવવા સુખદુ:ખના પદાર્થોના અનિત્યતા વિચારી મનુષ્યે તેના દૃષ્ટા થવું ઘટે.

જે મનમાં હોય તે બહાર આવ્યા વિના રહેતું નથી. દરેક કાર્યનો પિતા વિચાર છે. વિચાર દૃઢ થતાં તે કાર્યરૂપે પરિણમે છે, માટે જે મનુષ્યના હૃદયમાં અન્યનું બૂરું કરવાની ભાવના હશે, તે મનુષ્ય વહેલો મોડો બીજાને નુકશાન કર્યા વિના રહેનાર નથી. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે–“ સર્વ જીવો પ્રત્યે અહિંસા મૈત્રીભાવ કરીને જીવ શાંતિરૂપ નિર્વાણ પ્રાપ્ત કરે છે. ” માટે આત્માર્થીએ સર્વનું શુભ ચિંતવવું અને નીચેની ભાવનામાં તરબોળ થવું ઘટે.

“ સર્વ જગતનું કલ્યાણ થાઓ, લોકો પારકાના હિતમાં તત્પર બનો, તેમના દોષો નાશ પામો, સર્વ સ્થળે લોકો સુખી થાઓ. ”



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**છકાય**–પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ, ત્રસ.

**પૃથ્વી**–બાદર, મુધા, વાલુકા, મણિશિલા, શર્કરા, ખર.

**પ્રવચન કુશળ**–સૂત્ર, અર્થ, ઉત્સર્ગ, અપવાદ, નિશ્ચય, વ્યવહાર. ( ધર્મરત્ન પ્રકરણ )

**વેદના અંગો**–વ્યાકરણ, શિક્ષા, કલ્પ, છંદ, નિરુકત, જ્યોતિષ.

**શાકભાજીના અંગો**–પત્ર, પુષ્પ, ફળ, નામ, સંસ્વેદન, પાંદડાં.

**મહાસુગંધી પદાર્થો**–કસ્તૂરી, ચંદન, કૃષ્ણાગરૂ, કપૂર, કેસર, મોગરો.

**મુખ્ય દર્શનો**–સાંખ્ય, નૈયાયિક, વૈશેષિક, બૌદ્ધ, જૈન, ચાર્વાક.

**ભક્ષ્ય વિગઈ**–દુધ, દહીં, ઘી, તેલ, ગોળ, પકવાન્ન.

**ચારિત્ર તિથિ**–બે ચૌદશ, બે આઠમ, અમાસ અને પૂનમ.

**જ્ઞાન તિથિ**–બે બીજ, બે પાંચમ, બે એકાદશી.

**છેદસૂત્ર**–વ્યવહારસૂત્ર, બૃહદ્કલ્પ, દશાશ્રુતસ્કંધ, નિશીથ, મહાનિશીથ, જીતકલ્પ.

**સમકિતના ભેદો**–મિથ્યાત્વ, સાસ્વાદન, મિશ્ર, ક્ષયોપશમ, ઔપશમિક, ક્ષાયિક.

**પર્યાપ્તિ**–આહાર, શરીર, ઈંદ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા, મન.

**મોટાં પચ્ચખાણ**–છઠ્ઠ, અઠ્ઠમ, દશમ, દુવાલસ, અર્ધમાસખમણ, માસખમણ.

**આયુષ્યના બંધો**–જાતિ, ગતિ, અવગાહના, અનુભાગરસ, પ્રદેશ, આયુષ્ય.

**પુદ્ગલના પ્રકારો**–બાદરબાદર, બાદર, બાદરસૂક્ષ્મ, સૂક્ષ્મબાદર, સૂક્ષ્મ, સૂક્ષ્મસૂક્ષ્મ.

**બાહ્યતપ**–અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, લોચાદિક દેહકષ્ટ, અંગોપાંગ દેહાવયનો કાબૂ.

**અંતરંગતપ**–પ્રાયશ્ચિત, વિનય, સેવા, અધ્યયન, ધ્યાન, ઉપસર્ગની સહનશીલતા.

**કારક**–કર્તા, કર્મ, કારણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ

**અંતરંગ રિપુ**–કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર.

**વિશ્વાસ નહિ કરવા લાયક**–અગ્નિ, પાણી, સ્ત્રી, મૂર્ખ, સર્પ, રાજકુલ.

**મીમાંસકના પ્રમાણો**–પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, આગમ, અર્થાપત્તિ, અભાવ.

**વૈશેષિક મતના છ તત્વો**– દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય

**ગિરનારના નામ–માપ**–પહેલો આરો કૈલાસ ૨૬ યોજન, બીજે ઉજ્જયંત ૨૦ યોજન, ત્રીજે રૈવતાચલ ૧૬ યોજન, ચોથો સ્વર્ણાચલ ૧૦ યોજન, પાંચમો ગિરનાર ૨ યોજન, છઠ્ઠો નંદભદ્ર ૧૦૦ ધનુષ. ( હંસવિજયજીકૃત ગિરનાર પૂજામાંથી )

**રાજ્યનીતિ**–સંધિ, વિગ્રહ, ધ્યાન, આસન, દ્વૈધીભાવ, સમાશ્રય

**અવધિજ્ઞાનના પ્રકારો**–અનુગામી, અનનુગામી, વર્ધમાન, અવર્ધમાન, પ્રતિપાતી, અપ્રતિપાતી. ( તત્વબિંદુ )

**સ્વર ઉપજવાના સ્થાનો**–કંઠ, ઉદર, રસના ( જીભ ), તાળુ, મસ્તક, નાક.

**રાગના ઊપજવાના સ્થાનો**– રૂષભરાગ હૃદયથી, ગાંધાર નાકથી, મધ્યમ નાભિથી, પંચમ : કંઠ હૃદયથી, સિંધુઓ નિમાડથી, નિષાદ બધેથી.

**મધ્યમ શ્રોતાઓના પ્રકારો**–ભેંસ, ડોલકાકીડા ( કાકીડા ) છતરડી, ( જુ–ચામજુ ) માખી, ચાલણી, ધુડ ( ધુવડ ) ( જેવો )

**ઉત્તમ શ્રોતાઓ**–માટી, બકરી, વાછરૂ, સુપ (સુપડું) ચકોર, મરાલ (હંસ).

**ઈશ્વર સહાય થાય તેવા ગુણો**–ઉદ્યમ, શૌર્ય, ધૈર્ય, બુદ્ધિ, શકિત, પરાક્રમ. ( યોગવાશિષ્ટ )

**જીવના ગુણો**–જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, ચેતનત્વ, અમૂર્તત્વ,

**પુદ્ગલના ગુણો**–સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, અચેતનત્વ, મૂર્તત્વ. ( તત્વનિર્ણયપ્રાસાદ પા. ૭૦૪ )

**અકર્મભૂમિ**–૫ દેવકુરુ, ૫ ઉત્તરકુરુ, ૫ રમ્યક, ૫ હરિવર્ષ, ૫ હિમવંત, ૫ હિરણ્યવંત

**વિકાર પામતા વાર ન લાગે**–આયુષ્ય, રાગાનું ચિત્ત, ધન, મેઘ, સ્નેહ, શરીર.

**વિશ્વાસ નહિ કરવા લાયક**–નારી, નદી, નરેંદ્ર, નાગ, નોકર ( નીચ ), નખી

For Private And Personal Use Only

# સન્માન-સમારંભ

આપણી સભાના વર્ષો સુધી સેક્રેટરી તરીકે સેવા અર્પનાર અને સભાના પરમ હિતસ્વી સ્વ. શ્રીયુત કુંવરજી મૂળચંદ શાહના પુત્ર શ્રીયુત વિનાયક કુંવરજીના પુત્ર નિરંજન ઈલેકટ્રીકલ તેમ જ મીકેનીકલ લાઈનના વિશેષ અભ્યાસ માટે અમેરિકા જનાર હોઈ તેમને આશીર્વાદ તેમ જ અભિનંદન આપવા માટે એક મેળાવડો, આપણી સભાના માનદ્ સેક્રેટરી શ્રી અમરચંદ કુંવરજી શાહ તરફથી આપણી સભાના હોલમાં ચૈત્ર વદિ ૧૨ ને સોમવારના રોજ બપોરના સાડાચાર કલાકે યોજવામાં આવ્યો હતો, જે સમયે પ્રતિષ્ઠિત ગૃહસ્થો, ન્યાયાધીશો તેમ જ સ્નેહીજનોની હાજરી સારા પ્રમાણમાં હતી.

શરૂઆતમાં શ્રીયુત ભાઈચંદભાઈ અમરચંદ વકીલે સ્વ. શ્રીયુત કુંવરજી મૂળચંદ શાહની કેળવણીપ્રિયતા, સામાજિક નીડરતા અને ભાઈ વિનાયકના અમેરિકાગમન સંબંધી વિશેષ માહિતી આપી ભાઈ નિરંજન પણ પિતાના પગલે ઉચ્ચ અભ્યાસાર્થે જાય છે તેને એક શુભ ચિહ્ન ગણાવી તેની ઉજ્જ્વલ કારકીર્દી ઈચ્છી હતી.

બાદ આપણી સભાના માનદ્ સેક્રેટરી શ્રીયુત દીપચંદ જીવણલાલ શાહે જણાવ્યું કે-આપણે કેળવણીનું મૂલ્યાંકન કરતાં શિખવું જોઈએ. આધુનિક યુગમાં ઉચ્ચ કેળવણીની અતિ આવશ્યકતા છે. શ્રીયુત કુંવરજી મૂળચંદ શાહનું કુટુંબ ઉચ્ચ કેળવણી માટે સારો આદર ધરાવે છે અને વિનાયકભાઈ પછી તેમના પુત્ર નિરંજને આ સંબંધમાં દાખલો પૂરો પાડ્યો છે. હું તેમને અંતરના આશીર્વાદ અર્પું છું.

બાદ શ્રીયુત ખેંચરલાલ નાનચંદ શાહે સ્વ. કુંવરજી મૂળચંદ શાહની નિર્ભીકતા, સાહૃદયતા સંબંધી બે ત્રણ દૃષ્ટાંતો આપી વિનાયકભાઈમાં રહેલ મક્કમતાનો અને કર્તવ્યનિષ્ઠા તેમ જ રાષ્ટ્રપ્રેમનો દાખલો આપ્યો હતો અને તે ગુણો ભાઈ નિરંજનમાં પણ ઉતરે તેવી ભાવના વ્યક્ત કરી, ભાવનગર જેવા અગ્રગણ્ય ગણાતા શહેરના જૈન સમાજે ઉચ્ચ કેળવણી લેવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે સુયોગ્ય પ્રબંધ કરવો જોઈએ તેમ સૂચન કર્યું હતું.

બાદ શ્રીયુત ધામજી હેમચંદ દેશાઈએ જણાવેલ કે-ભાઈ નિરંજન જેવા પુત્રો જ કુળને અજવાળે છે. તેમનામાં નામ પ્રમાણે ગુણ જણાય છે. તેઓ કોઈ પણની ખોટી શેહ કે શરમમાં અંજાઈ જાય તેવા નથી. તેઓ પોતાની વિદેશયાત્રા સફળ રીતે પાર પાડે તેવી શુભાભિલાષા વ્યક્ત કરું છું.

---

ઉપશાસ્ત્ર-વૈદક, જ્યોતિષ, કોક, મંત્ર, ધર્મ, નીતિ.
સાત્વિક પુરાણ-વિષ્ણુ, વરાહ, ભાગવત, ગરૂડ, નારદ, પદ્મ
રાજસી પુરાણ-બ્રહ્મ, બ્રહ્મવૈવર્તક, માર્કંડ, બ્રહ્માંડ, વામન, ભવિષ્ય.
તામસી પુરાણ-મત્સ્ય, કુર્મ, શિવ, લિંગ, સ્કંદ, અગ્નિ.
બંધુનો પ્રકારો-ઉત્સવ, વ્યસન, દુર્ભિક્ષ, રાષ્ટ્રવિપ્લવ, રાજદ્વાર, સ્મશાન (સંસ્કૃત કાવ્યાનંદ)

ભાષા-સંસ્કૃત, પ્રાકૃત, સૌરસેની, માગધી, પૈશાચી, અપભ્રંશ.
હાસ્ય-હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા.
છ અંગો-બે જાંઘ, બે બાહુ, શિર અને કંઠ.
છ ઊર્મિઓ (મનુષ્યની)-ક્ષુધા, તૃષા, હર્ષ, શોક, જન્મ, મરણ.
શ્રુતકેવલી-પ્રભવ, શય્યંભવ, યશોભદ્ર, સંભૂતિવિજય, ભદ્રબાહુ, સ્થૂલભદ્ર. (સંકલ)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

શ્રીયુત અમરચંદ બાવજી શાહે આ પ્રસંગને અનુલક્ષીને સ્વયં રચિત શુભાશીર્વાદ કાવ્ય ગાઈ સંભળાવ્યું હતું.

બાદ શ્રી ગુલાબચંદ લલ્લુભાઈએ જણાવ્યું કે–ભાવનગર કેળવણીપ્રિય ક્ષેત્ર છે. જૈન સમાજે ઉચ્ચ કેળવણી લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓને ઉત્તેજન આપવા માટે કંઇ ને કંઈ વ્યવસ્થા કરવી જોઈએ. ભાઈ નિરંજનની હિંમત પ્રશંસાપાત્ર છે. જેમ છૂટા છૂટા ફુલ કરતાં તેનો બનાવેલો ગજરો શોભાસ્પદ છે તેમ ભાઇ નિરંજન જેવા ઘણા યુવાનો ઉચ્ચ કેળવણી લેવા બહાર પડે તેમાં જ ભાવનગરના જૈન સમાજનું ગૌરવ છે. ભાઇ નિરંજનને વિદેશયાત્રા સુખરૂપ નિવડે તેમ ઇચ્છું છું.

બાદ શ્રીયુત હરિલાલ દેવચંદ શેઠે જણાવ્યું કે–ભાઇ નિરંજનમાં તેમના પિતાશ્રી વિનાયક ભાઈના ગુણોનો વારસો છે. જે ઉચ્ચ–અભ્યાસાર્થે તેઓ જઇ રહ્યા છે તેને હું મુબારકબાદી આપું છું અને સમાજ આવા અનેક યુવાનોને પ્રેરણારૂપ બને તેમ ઇચ્છું છું.

બાદ ભાઈ નિરંજને પોતાની સૌમ્ય ભાષામાં પોતાને અનહદ માન આપવા માટે સૌનો આભાર માન્યો હતો. વિશેષમાં જણાવ્યું હતું કે–આજે ઉચ્ચ અભ્યાસાર્થે અમેરિકા જવું પડે છે તેને બદલે હું તો ઇચ્છું છું કે, આપણા જ દેશમાં એવી તૈયારી અને પ્રગતિ થવી જોઇએ કે જેથી પરદેશના યુવાનો અહીં ભારતમાં ઉચ્ચ કેળવણી લેવા માટે આકર્ષાય. આપ સૌના આશીર્વાદ અને પ્રેરણાથી મને આશા છે કે હું મારા ધ્યેયમાં સફળ થઇશ અને મારાથી બની શકતી સમાજની તેમ જ રાષ્ટ્રની સેવા કરવા પ્રયત્નશીલ બનીશ.

બાદ શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, શ્રી જૈન આત્માનંદ સભા, શ્રી યશોવિજય જૈન ગ્રંથમાલા, શ્રીયુત અમરચંદ કુંવરજી શાહ તેમજ જુદા જુદા સ્નેહી–સ્વજનો તરફથી ભાઈ નિરંજનને શુભાશીષ સાથે પુષ્પહારો પહેરાવવામાં આવ્યા હતા.

બાદ શ્રીયુત અમરચંદ કુંવરજી શાહ તરફથી યોજવામાં આવેલ અલ્પાહાર તેમજ આઇસ્ક્રિમને ન્યાય આપી સૌ કોઇ આનંદી વાતાવરણ વચ્ચે વિખરાયા હતા.

## સ્વર્ગસ્થ શ્રી વલ્લભદાસ મગનલાલ શાહ

મૂળે ગારીયાધારના વતની તેમજ વર્ષોથી ભાવનગર રહેતા ભાઇશ્રી વલ્લભદાસ મગનલાલ શાહ, ૬૧ વર્ષની વયે, ફાગણ વદિ ૧૧ ને શનિવારના રોજ હૃદય રોગના હુમલાથી સ્વર્ગવાસી થયા છે.

સ્વર્ગસ્થ સ્વભાવે મિલનસાર તેમજ સાહસિક વેપારી હતા. મુખ્ય વેપાર રૂનો હોવા છતાં બીજા વ્યાપારોમાં પણ સારો રસ ધરાવતા હતા. ભાવનગરમાં શરૂ થયેલ સહકારી હાટ લિમિટેડમાં તેઓને અત્યંત રસ હતો. તદુપરાંત ધાર્મિક તેમજ સામાજિક પ્રવૃત્તિઓમાં પણ સારો રસ લેતા.

તેઓશ્રી આપણી સભાના વર્ષોથી આજીવન સભાસદ હતા તેમજ સભાના ઉત્કર્ષ માટે ઉલટ ને ઉમંગ ધરાવતા હતા. તેમના સ્વર્ગવાસથી સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે. અમો તેમના આત્માની શાંતિ ઇચ્છી, તેમના આપ્તજનો પર આવી પડેલ દુઃખ પરત્વે દિલસોજી દર્શાવીએ છીએ.

મુદ્રક : સાધના મુદ્રણાલય : દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only